| | | | | |
|---|---|---|---|---|
| GJVD070000712026 | રજુ કર્યા તારીખ | ૨૮/૦૨/૧૯૯૬ | | |
| | દાખલ તારીખ | ૨૮/૦૨/૧૯૯૬ | | |
| | ફેંસલ તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ | | |
| | સમયમર્યાદા | દિવસ | માસ | વર્ષ |
| | | ૨૮ | ૦૦ | ૩૦ |

**<u>ડભોઈના એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રીમતી એન.એ. ચોક્સી)</u>**

**<u>સાહેબની અદાલતમાં, મુ. ડભોઈ.</u>**

**ફોજદારી કેસ નંબર :-૪૩/૨૦૨૬**
**(જુનો ફોજદારી કેસ નંબર :- ૬૧૩/૧૯૯૬)**
**(વડોદરા ફોજદારી કેસ નંબર :- ૩૨૦૫/૧૯૯૬)**
**(વડોદરા ફોજદારી કેસ નંબર :- ૩૮૧૭૩/૧૯૯૬)**
**(વડોદરા સેશન્સ કેસ નંબર :- ૨૧૬/૨૦૨૧)**
**(ડભોઈ સેશન્સ કેસ નંબર :- ૫/૨૦૨૩)**

**આંક :-**

| | **એફ.આઈ.આરની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન** |
|---|---|
| **પોલીસ સ્ટેશન :-** | ડભોઈ પોલીસ સ્ટેશન<br>એમ કેસ નંબર-૭૫/૯૫, તા.૨૦/૦૯/૧૯૯૫ |
| **ગુનો :-** | ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૮૦,૪૧૧,૧૧૪ મુજબ |

## <u>FORM-A</u>

| | |
|---|---|
| **તહોમતનામુ :-** | ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૮૦,૪૧૧,૧૧૪ મુજબ |
| **ફરીયાદી :-** | શ્રી સરકાર- સ્ટેટ ઓફ ગુજરાત<br>મુળ ફરીયાદી :- ઈસ્માઈલભાઈ શેખમહંમદ જંબુસરીયા (તાઈ) |
| **ફરીયાદી તરફે વિદ્વાન એડીશ્નલ પબ્લિક પ્રોસીક્યુટર :-** | શ્રી એન.એમ.તળપદા |

| | | |
|---|---|---|
| આરોપી :– | (૧) | **સલીમભાઈ નુરભાઈ ઘાંચી,** ઉં.વ.–૨૮,<br>રહે.– આશીયાના સોપીંગ સેન્ટર, ડભોઈ, વડોદરા. |
| | [૨ | રમેશચંદ્ર રમણલાલ શાહ કોઠારાવાળા,] મૈયત થયેલ છે. |
| | [૩ | હંસાબેન ઉર્ફે મીના વા/ઓફ રમેશચંદ્ર રમણલાલ શાહ,] મૈયત થયેલ છે. |
| | [૪ | આઈશાબેન ઉર્ફે ઝરીના ડો/ઓફ ઈસ્માઈલ શેખ મહંમદ જંબુસરીયા (તાઈ),<br>**કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરી હોવાથી જ્યુવેનાઈલ જસ્ટીસ બોર્ડ સમક્ષ ઈન્કવાયરી ચલાવવા મોકલેલ છે.]** |
| **આરોપીના વિ.વ. :–** | | શ્રી એ.એચ.મકરાણી |

## FORM–B

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખ :–** | તા.૧૨.૦૯.૧૯૯૫ |
| **ફરીયાદની તારીખ :–** | તા.૦૬.૧૦.૧૯૯૫ |
| **ચાર્જશીટની તારીખ :–** | તા.૨૮.૦૨.૧૯૯૬ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ :–** | તા.૦૫.૦૩.૨૦૨૬ |
| **પુરાવો શરૂ કર્યાતારીખ :–** | તા.૦૫.૦૩.૨૦૨૬ |
| **કેસ જજમેન્ટ ઉપર આવ્યા તારીખ :–** | તા.૨૫.૦૩.૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો હોય તો:–** | |

**આરોપીની વિગતઃ–**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર? | શું સજા કરી? | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | સલીમભાઈ નુરભાઈ ઘાંચી | તા.૩૦.૧૨.૧૯૯૫ | જામીન મુકત | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૮૦,૪૧૧, ૧૧૪ મુજબ | નિર્દોષ | --- | ---- |

## : ચુકાદો ::–

(૧) **આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,** આ કામના મૂળ ફરીયાદી

ઈસ્માઈલભાઈ શેખ મહંમદ જંબુસરીયાનાઓ તા.૧૨.૦૯.૧૯૯૫ ના રોજ બપોરના ત્રણ વાગ્યાના સુમારે પોતાના ઘરે આવેલા અને ફરીયાદીએ તપાસ કરતા તેઓની પુત્રી આઈશાબુ ઉર્ફે ઝરીના ઘરમાં મળી આવેલ નહી. જેથી ફરીયાદીએ આ અંગે પોતાની પત્નીને પુછતા તથા આડોશ પડોશમાં તપાસ કરતા રાત્રીના ૭ વાગ્યા સુધી આઈશાબુ મળી આવેલ નહી. ફરીયાદીના પત્નીએ ઘરમાં તપાસ કરતા પેટીનું તાળુ ખુલ્લુ હતુ અને તેમાંથી પાંચ તોલાનો સોનાનો હાર તથા બે તોલાના સોનાના કાનના ઝુમ્મર અને એક હજાર રોકડા મળી આવેલ ન હતા. ફરીયાદીએ શોધખોળ કરવા છતાં તેઓની પુત્રી આઈશાબુ અને સોનાના દરદાગીના તથા રોકડ રકમ મળી આવેલ નહી. તા.૧૫.૦૯.૧૯૯૫ ના રોજ ફરીયાદીને જાણવા મળેલ કે, આરોપી સલીમભાઈ પણ તા.૧૨.૦૯.૧૯૯૫ થી પોતાના ઘરે નથી અને તેથી ફરીયાદીએ તપાસ કરતા ફરીયાદીને જાણવા મળેલ કે, સલીમભાઈ ફરીયાદીની દીકરીને ઉપાડીને લઈ ગયેલા છે. વધુમાં ફરીયાદીને જાણવા મળેલ કે, આરોપી સલીમ પોતાના મિત્ર રમેશભાઈની મદદથી કયાંય નાસી ગયેલ છે. જેથી ફરીયાદીએ આરોપી રમેશભાઈને ત્યાં તપાસ કરતા આરોપીએ ફરીયાદીને બીભત્સ ગાળો આપી અપમાનીત કરેલ. આ રીતે આરોપી સલીમભાઈએ ફરીયાદીની પુત્રી આઈશાબુ ઉર્ફે ઝરીનાને લલચાવી,પટાવી, ફોસલાવી સોનાના દાગીના ચોરી કરવા માટે મજબુર કરી અને આઈશાબુ સગીર વયની હોવા છતાં આરોપી સલીમે લગ્ન બાહ્ય સંભોગ કરી, અજ્ઞાત સ્થળે લઈ જઈ છુપાવી રાખી અટકાયત કરેલ છે. આ ગુન્હામાં આરોપી નં.૨,૩ નાએ મદદગારી કરેલ છે અને ફરીયાદીના દાગીના બેંકમાં ગીરો મુકી ત્યાંથી નાણાં મેળવી લીધેલ છે. આથી ફરીયાદીએ તા.૧૬.૦૯.૧૯૯૫ ના રોજ ડભોઈ કોર્ટમાં ફરીયાદ દાખલ કરતા સદરહુ ફરીયાદ એમ.કેસ નં.૯૩/૧૯૯૫ થી નોંધાયેલ છે અને તે લગત ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૬(૩) મુજબ તપાસનો હુકમ થતા પોલીસ તપાસ શરૂ કરવામાં આવેલ. જેના તબકકે પોલીસ સ્ટેશનમાં એમ.કેસ નં.૭૫/૧૯૯૫ તા.૨૦.૦૯.૧૯૯૫ ના રોજ દાખલ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ.

(૧/૧) ત્યારબાદ ફરીયાદીએ ડભોઈ કોર્ટમાં ફરીથી ફરીયાદ દાખલ કરેલ અને એવી રજુઆત કરેલ છે કે, આરોપીઓએ ફરીયાદીને ગેરમાર્ગે દોરી તા.૦૪.૦૩.૧૯૯૫ ના રોજ ફરીયાદીના વકીલની ગેરહાજરીમાં સદર કેસ પાછો

ખેંચાવી લીધેલ હોવાથી ફરીયાદીએ ફરીથી ફરીયાદ દાખલ કરવી પડેલ છે. સદરહુ ફરીયાદ એમ.કેસ નં.૧૦૭/૧૯૯૫ થી દાખલ થયેલ છે.

**(૧/૨)** સદરહુ ફરીયાદના કામે પણ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૬(૩) મુજબ પોલીસ તપાસનો હુકમ થતા તે અંગે એમ.કેસ નં.૯૩/૧૯૯૫ તથા ૧૦૭/૧૯૯૫ ને એક સાથે ગણી તેની તપાસ કરવા સંદર્ભે ડભોઈ કોર્ટ દ્વારા હુકમ થયા સંદર્ભેની યાદી આ કામે રજુ થયેલ છે.

**(૧/૩)** ત.ક.અમલદારે જુદા–જુદા પંચનામાઓ કરી, ફરીયાદી તથા સાહેદોના નિવેદનો નોંધી આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬,૩૭૬,૩૮૦,૪૧૧,૧૧૪ મુજબના ગુન્હા સબબ ચાર્જશીટ દાખલ કરેલ. જે ચાર્જશીટ ડભોઇ કોર્ટમાં તા.૨૮.૦૨.૧૯૯૬ ના રોજ ગુ.મુ.નં.૬૧૩/૧૯૯૬ થી રજીસ્ટર્ડ થયેલ છે.

**(૧/૪)** ત્યારબાદ સદરહુ કેસ નામદાર ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, વડોદરા તરફ ટ્રાન્સફર કરીને મોકલી આપવામાં આવેલ અને તા.૦૭.૦૮.૧૯૯૬ ના રોજ ગુ.મુ.નં.૩૨૦૫/૧૯૯૬ થી સદરહુ કેસ રજીસ્ટર્ડ કરવામાં આવેલ. સદરહુ કેસના રોજકામ મુજબ તા.૧૭.૦૫.૧૯૯૬ ના રોજ આરોપીઓને નકલો પુરી પાડવામાં આવેલ છે અને ત્યારપછી કેસના રોજકામ ઉપરથી જણાઈ આવે છે કે, આરોપીઓની ગેરહાજરી કે અન્ય કારણોસર કેસ કમીટ થવામાં ઘણો લાંબો સમય વીતી ગયેલ છે. તા.૧૫.૦૨.૨૦૦૦ ના રોજ સદર કેસ મહેરબામ સેશન્સ કોર્ટ, વડોદરા તરફ કમીટ કરવામાં આવેલ છે અને ત્યાં સેશન્સ કેસ નં.૨૧૬/૨૧ થી તા.૨૭.૧૨.૨૦૨૧ ના રોજ નોંધાયેલ છે.

**(૧/૫)** ત્યારબાદ સદરહુ કેસના કામે નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ, વડોદરાના ઓફીસ ઓર્ડર નંબર/ક્રીમીનલ/૪૮૦૩/૨૦૨૩, તા.૧૩.૦૭.૨૦૨૩ ના હુકમથી સદરહુ કેસ મે.ચોથા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ સાહેબશ્રીની કોર્ટમાંથી ટ્રાન્સફર થઈને ડભોઈના મહેરબાન અધિક સેશન્સ કોર્ટ ખાતે આવતા તે કેસ સેશન્સ કેસ નં.૦૫/૨૩ થી તા.૨૧.૦૭.૨૦૨૩ ના રોજ નોંધવામાં આવેલ છે.

(૧/૬) ત્યારબાદ નામદાર બીજા અધિક સેશન્સ જજ, વડોદરા મુકામ ડભોઈનાઓ ધ્વારા આરોપી નં.૨,૩ નાઓ મરણ ગયેલ હોવાથી આરોપી નં.૧ અને આરોપી નં.૪ સામે આંક–૨૮ થી તહોમતનામુ તા.૧૦.૦૩.૨૦૨૫ ના રોજ ફરમાવવામાં આવેલ અને આંક–૨૯ તથા આંક–૩૦ થી અનુક્રમે આરોપી નં.૧ અને ૪ નુ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ગુન્હો કબુલ રાખેલ નથી અને કેસ આગળ ચલાવવાની માંગણી કરેલ છે.

(૧/૭) ત્યારબાદ સદરહુ સેશન્સ કેસ નં. ૫/૨૦૨૩ ના કામે કોઈ પુરાવો નોંધવામાં આવેલ નથી. પરંતુ તા.૨૩.૦૭.૨૦૨૫ ના રોજ આંક–૩૪ થી વિ.એ.પી.પી.શ્રી દ્વારા રજુ કરવામાં આવેલ સીઆરપીસીની કલમ–૨૧૬ મુજબની તહોમતનામામાં ફેરફાર કરવાની અરજી રજુ કરવામાં આવેલ. જે અરજી લગત મે.ત્રીજા અધિક સેશન્સ જજ, વડોદરા મુકામ ડભોઈનાઓ ધ્વારા આંક–૩૪ ની અરજી મંજુર કરીને આંક–૨૮ થી ઘડવામાં આવેલ તહોમતનામાં ફેરફાર કરી, ભારતીય દંડ સંહીતાની કલમ–૩૬૩,૩૬૬,૩૭૬ મુજબના ગુન્હાને પાત્ર શિક્ષાની કલમો દુર કરવામાં આવેલ અને ત્યારબાદ આરોપી નં.૧ તથા ૪ સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૩૮૦,૪૧૧,૧૧૪ મુજબના ગુન્હા સબબની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હકુમત જે.એમ.એફ.સી. કોર્ટને હોવાથી સદરહુ કેસ એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, ડભોઈ તરફ પરત મોકલવામાં આવેલ. આ રીતે સેશન્સ કેસ નં.૦૫/૨૦૨૩ ફેંસલ થયેલ છે.

(૧/૮) તા.૧૩.૦૧.૨૦૨૬ ના રોજના ઉપરોકત હુકમના આધારે સદરહુ કેસનું રેકર્ડ અત્રેની કોર્ટને તા.૧૯.૦૧.૨૦૨૬ ના રોજ મળી આવેલ અને ડભોઈ કોર્ટમાં ફો.કેસ નં.૪૩/૨૦૨૬ થી નોંધવામાં આવેલ છે. આ રીતે સદરહુ કેસમાંથી સેશન્સ ટ્રાયેબલ કલમો દુર કરવાનો હુકમ થયા બાદ અને તે સમયગાળા દરમ્યાન આરોપી નં.૨,૩ નાઓનુ અવસાન થયેલ હોવાથી આરોપી નં.૧,૪ પુરતો કેસ આગળ ચલાવવા સારૂ અત્રેની અદાલત તરફ આવેલ છે.

(૧/૯) સદરહુ કેસના કામે આરોપી નં. ૧ અને ૪ સામે આંક–૪ થી

તા.૦૫/૦૩/૨૦૨૬ ના રોજ તહોમતનામુ ઘડવામાં આવેલ અને આંક–૫ તથા આંક–૬ થી આરોપીઓના નિવેદનો નોંધવામાં આવેલ. જેમાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા, સબબ કામમાં ફરીયાદપક્ષનો પુરાવો નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

(૧/૧૦) મૂળ ફરીયાદીની જુબાની દરમ્યાન અત્રેની કોર્ટના ધ્યાન ઉપર આવેલ છે કે, આરોપી નં.૪ નાઓ બનાવ સમયે ૧૮ વર્ષથી નાની વયના હતા અને તેથી આંક–૧ લગત હુકમ ફરમાવી કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરી–(આરોપી નં.૪) આયશાબુ સામે કેસની ઈન્સાફી કાર્યવાહી અલગ ચલાવવા સારૂ ચાર્જશીટ જુદુ પાડવા માટે અને નામદાર જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, વડોદરા સમક્ષ રજુ કરવા માટે આંક–૧ લગત તારીખ ૧૩.૦૩.૨૦૨૬ ના રોજ હુકમ ફરમાવવામાં આવેલ છે. તે હુકમોનુસાર **કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરી આઈશાબુ સામેની ઈન્કવાયરી અલગથી ચલાવવા સારૂ જુદુ ચાર્જશીટ કરી જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, વડોદરા સમક્ષ પી.આઈ. શ્રી, ડભોઈનાઓએ રજુ કરતા તે ઈન્કવાયરી સી.સી.નં.૬૭/૨૦૨૬ થી નોંધવામાં આવેલ છે** તે મુજબની વિગત પી.આઈ.શ્રી, ડભોઈ દ્વારા રીપોર્ટથી જાહેર કરવામાં આવેલ છે. જે ઈન્કવારીના કામે પુરાવો નોંધવા માટે મુદ્દત તારીખ: ૦૨/૦૪/૨૦૨૬ ની મુકરર થયેલ છે તેવી હકીકત આરોપીના વિ.વકીલશ્રી એ.એચ.મકરાણી દ્વારા પુરશીસથી જાહેર કરવામાં આવેલ છે. **આ રીતે હાલનો કેસ અત્રેની અદાલતમાં માત્ર આરોપી નં.૧ પુરતો આગળ ચલાવવામાં આવેલ છે.**

# FORM–C

## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનુ લીસ્ટ

### (એ) ફરીયાદપક્ષ તરફનો મૌખિક પુરાવો :–

| અ.નં. | સાહેદનુ નામ | સાહેદની વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | ઈસ્માઈલભાઈ શેખમહમદ જંબુસરીયા | ફરીયાદી | **૦૭** |
| ૨ | કૌશીકભાઈ જયંતીલાલ સોની | પીએસઆઈ–ત.ક.અમલદાર | **૨૦** |

## (બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો :–

| સાહેદ નંબર | સાહેદનુ નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| –નીલ– | –નીલ– | –નીલ– |

## (સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો :–

| સાહેદ નંબર | સાહેદનુ નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| –નીલ– | –નીલ– | –નીલ– |

## ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલા દસ્તાવેજી પુરાવા :–

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | એમ.કેસ નંબર– ૧૦૭/૧૯૯૫ ની અસલ ફરીયાદ | ૦૯ |
| ૨ | સોનાનો હાર અને ઝુમર કબજે કર્યાનું પંચનામું | ૧૦ |
| ૩ | એમ.કેસ નં.૯૩/૧૯૯૫ ની ચાદી | ૨૧ |
| ૪ | એમ.કેસ નં.૧૦૭/૧૯૯૫ ના કામે તપાસ માટેની ચાદી | ૨૨ |
| ૫ | એમ.કેસ નં.૯૩/૧૯૯૫ તથા ૧૦૭/૧૯૯૫ ની તપાસ સાથે કરવાની ચાદી | ૨૩ |
| ૬ | એમ.કેસ નં.૯૩/૧૯૯૫ ની સ્થળપ્રત | ૨૪ |
| ૭ | મુદ્દામાલ દાગીના કબજે કર્યા અંગેનું પંચનામુ | ૨૫ |
| ૮ | મુદ્દામાલ દાગીનાની વજન કર્યાની પાવતી | ૨૬ |
| ૯ | મુદ્દામાલ કપડા કબજે કર્યાનુ પંચનામુ | ૨૭ |
| ૧૦ | કબજે કરેલ મુદ્દામાલ દાગીનાનું ઓળખ પંચનામુ | ૨૮ |
| ૧૧ | આરોપી નં.૧ ના કપડા કબજે કર્યાનું પંચનામુ | ૨૯ |

## બચાવપક્ષ તરફે રજુ દસ્તાવેજો :–

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| – | –નીલ– | – |

## કોર્ટ તરફે અંકે પડેલા દસ્તાવેજો :–

| અ.નં. | દસ્તાવેજની વિગત | દસ્તાવેજનુ વર્ણન |
|---|---|---|
| – | –નીલ– | – |

## –:: મુદ્દામાલની વિગત ::–

## મુદ્દામાલ પાવતી નંબરઃ– ૨૩૬/૯૫, તા.૨૮.૧૦.૧૯૯૫

| અ.નં. | મુદ્દામાલની વિગત |
|---|---|
| ૧ | એક નીકર (ચડ્ડી) લાલ કલરની નીચેના અંદરના ભાગે સફેદ જેવો ડાઘો છે તે પડીકામાં સીલબંધ પડીકુ. |

## મુદ્દામાલ પાવતી નંબરઃ– ૨૯૧/૯૫, તા.૧૨.૧૨.૧૯૯૫

| અ.નં. | મુદ્દામાલની વિગત |
|---|---|
| ૧ | એક સોનાનો હાર ત્રણ સેરવાળો જેના ઉપર કુલ ૮ ચકતા છે તથા લાલ સફેદ નંગ જડેલા છે તે |
| ૨ | સોનાના ઝુમ્મર નંગ–૨ કાપ તથા પાંદડી અને ઝુમ્મર ફીટ કરેલ છે તે જેમાં લાલ સફેદ નંગ જડેલા છે જે પૈકી પાંચ નંગ નીકળી ગયેલા છે. |

## મુદ્દામાલ પાવતી નંબરઃ– ૩૦૫/૯૫, તા.૩૦.૧૨.૧૯૯૫

| અ.નં. | મુદ્દામાલની વિગત |
|---|---|
| ૧ | એક કથ્થાઈ રંગનો જાંગીયો જુનો વપરાયેલો જેના ઉપર કોઈ વીર્ય વિગેરેના નિશાન જણાતા નથી. |

## (૨) <u>ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩(૧) અન્વયે આરોપીનું વિશેષ નિવેદન:</u>

– આ કામે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩(૧) અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેઓની હાજરીમાં અને સાંભળતાં નોંધવામાં આવેલ હોવાનુ જણાવેલ છે. વધુમાં, તેઓની વિરૂધ્ધના પુરાવા સંદર્ભે ઈન્કારીયત ભરેલા જવાબો આપી જણાવેલ છે કે, આરોપી તદ્દન નિર્દોષ છે કહેવાતા પ્રકારનો કોઈ ગુનો કરેલ નથી, તેઓ વિરૂધ્ધ શંકાના આધારે ખોટી ફરીયાદ થયેલ છે.

## (૩) દલીલોઃ–

(૩/૧) આ કામે ફરીયાદપક્ષ તરફે વિદ્વાન એપીપીશ્રી એન.એમ.તળપદાએ કરેલ દલીલ મુજબ આરોપી નં.૪ નાએ આરોપી નં.૧ ની નાની ઉંમર અને નાસમજ પરીસ્થિતીનો ગેરલાભ લઈને તેમને ભોળવીને તેમની પાસેથી તેમના ઘરેથી તેમની માતાના સોનાના દાગીના ચોરી કરાવડાવેલ છે. ત્યારબાદ તે દાગીના આરોપી નં. ૨ અને ૩ ની મદદથી બેંકમાં ગીરવે મુકીને લોન મેળવી લીધેલ છે. આ તમામ હકીકતોને ફરીયાદપક્ષના દસ્તાવેજી અને મૌખિક પુરાવાથી સમર્થન મળી રહે છે. આ રીતે આરોપી નં.૧ સામે પુરતો પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદપક્ષ સફળ

રહેલ હોવાથી આરોપી નં.૧ ને કસુરવાન ઠેરવીને સજા કરવા અરજ ગુજારેલ છે.

(૩/૨) બચાવપક્ષ તરફે વિદ્વાન વકીલશ્રી એ.એચ.મકરાણીએ મૌખિક દલીલો કરીને જણાવેલ છે કે, ફરીયાદીની ફરીયાદ વંચાણે લેતાં, ફરીયાદપક્ષનો એવો કેસ નથી કે, અમોએ આરોપી નં.૪ ને ફોસલાવીને ચોરી કરાવડાવેલ છે. મૂળ ફરીયાદી અને ત.ક.અમલદારે પણ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી નં.૧ નાઓ સામે કોઇ આક્ષેપો કરવામાં આવેલા નથી. તે સંજોગોમાં અમો આરોપી નં.૧ સામે કોઇ ગુનો સાબિત થતો ન હોવાથી અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે.

(૪) ઉપરોક્ત કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: <u>મુદ્દાઓ</u> ::–**

**૧.** શું ફરીયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપી નં. ૧ નાઓએ તા.૧૨.૦૯.૧૯૯૫ ના રોજ બપોરના ત્રણ વાગ્યાના સુમારે ફરીયાદીના ઘરેથી તેમની સગીર દિકરી આઇશાબુ ઉર્ફે ઝરીનાબેનની નાસમજતાનો ગેરફાયદો લઇને તેમને લલચાવી, ફોસલાવી તથા ચોરી કરવા માટે મજબુર કરીને ફરીયાદીના ઘરેથી તેમની પત્નીનો સોનાનો પાંચ તોલાનો હાર તથા બે તોલાના સોનાના કાનના ઝુમ્મર અને એક હજાર રોકડાની ચોરી કરાવડાવીને તથા તે સોનાના દાગીના મેળવીને, આરોપી નં. ૨ ની મદદગારીથી બેંકમાં ગીરવે મુકીને લોનની રકમ મેળવી લઇ, ગુનો કરવામાં મદદગારી કરીને ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૮૦,૪૧૧,૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો અત્રેની અદાલતની હકૂમતમાં કરેલ છે ?

**૨.** શું હુકમ ?

(૫) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**૧. નકારમાં,**

૨. આખરી હુકમ મુજબ.

(૬) ઉપરોક્ત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે.

**–:: <u>નિર્ણય માટેના કારણો</u> ::–**

**<u>મુદ્દા નંબર:– ૧</u>**

(૭) ફરીયાદપક્ષે આંક–૦૭ થી તપાસેલા ફરીયાદી ઈસ્માઈલભાઈ શેખમહંમદ જંબુસરીયાનાઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૨.૦૯.૧૯૯૫ ના રોજ તેઓ વડોદરાથી બપોરે ત્રણ વાગે ઘરે પરત આવેલ, ત્યારે તેમની પુત્રી આયશાબેન ઘરમાં જણાઇ આવેલ નહી. જેથી, તેમના પત્ની ચાંદબુબેનને પુછતાં જણાવેલ કે, આડોશ–પાડોશમાં હશે. પરંતુ રાત્રે ૭–૦૦ વાગ્યા સુધી તેમની પુત્રી મળી આવેલ નહી. જેથી તેમના પત્નીએ ફરીથી જણાવેલ કે, આપણી પેટીનુ તાળુ ખુલ્લુ છે જેમાંથી પાંચ તોલાનો સોનાનો હાર, તેમજ બે તોલાના સોનાના કાનના ઝુમ્મર, રોકડા જે પેટીમાં મુકેલા તે દેખાતા નથી. તેમની દિકરીની તેઓએ સગાવ્હાલાના ત્યાં તપાસ કરતાં મળી આવેલ નહી. ત્યારબાદ તા.૧૫.૦૯.૧૯૯૫ ના રોજ તેમના પત્નીને જાણવા મળેલ કે, તેમની દિકરી આયશાબાનુ ગયે જેટલા દિવસ થયા છે તે રોજથી તેમના ઘરની સામે રહેતા આરોપી સલીમભાઇ પણ ઘરે આવેલ નથી. તેમની દિકરીને પૈસાની જરૂર હોય, રમેશભાઇ કોઠારાને તેમના દાગીના આપેલા અને તેમણે મહાલક્ષ્મી મર્કેન્ટાઇલ કો.ઓ.બેંક, ડભોઇ ખાતે મુકેલા. આ દાગીના તેમની પત્નીના હતા. તે સોનાના મણકાવાળો બોરમાળા અને એક મોટા પેન્ડલ સાથેનો હાર હતો તથા કાનની સોનાની બુટ્ટી ઝુમ્મરવાળી હતી. આ બંન્ને દાગીના તેમને બતાવવામાં આવેલા અને તેમણે મુદ્દામાલ પાવતી નંબર-૨૯૧/૧૯૯૫ વાળા મુદ્દામાલ પૈકી પેન્ડલવાળો હાર જોઇને જણાવેલ છે કે, તે તેમના ઘરેથી તેમની દિકરી (આરોપી નંબર-૪નાઓ) આરોપી નંબર-૧ ના કહેવાથી લઇ ગયેલ તે હાર છે. તેમણે હાર સાથેના ઝુમ્મર નંગ-૨ જોઇને જણાવેલ છે કે, તેમના ઘરેથી તેમની દિકરી (આરોપી નંબર-૪નાઓ) આરોપી નંબર-૧ ના કહેવાથી લઇ ગયેલ તે ઝુમ્મર છે. તેઓના ઉપરોકત દાગીના તેમની દિકરી(આરોપી નંબર–૪) આરોપી નંબર–૧ સાથે ભાગી ગયેલી ત્યારે તેમના ઘરની તિજોરીમાંથી લઇ ગયેલ તથા તે દાગીના આરોપી નંબર–૧ ના મિત્ર કોઠારાથી ઓળખાતા ઇસમને આપેલા અને તે કોઠારાએ સદર તમામ દાગીના

મહાલક્ષ્મી બેંકમાં ગીરો મુકેલા. તેમને એક મહીના પછી ખબર પડેલ કે, તેમની દિકરી તિજોરીમાંથી ઉપરોકત વર્ણનવાળા દાગીના લઇ ગયેલ છે. તેમની દિકરીએ દાગીના લઇ જતા પહેલા કોઇને જાણ કરેલ ન હતી અને પુછેલ પણ ન હતુ. આ બાબતે તેઓએ ડભોઇ પોલીસ સ્ટેશને ફરીયાદ આપેલી. ફરીયાદ આપ્યા બાદ વકીલશ્રી જે.કે.પટેલ મારફતે ડભોઇ કોર્ટમાં કેસ કરેલો. જે ફરીયાદના આધારે એમ.કેસ નંબર–૧૦૭/૧૯૯૫ પડેલ છે. સદર ફરીયાદમાં તેમની સહી છે, જે તેઓ ઓળખી બતાવે છે. સદર ફરીયાદ આંક–૦૯ થી રજુ રાખેલ છે.

**(૭/૧)** ફરીયાદીએ વધુમાં જણાવેલ છે કે, પોલીસે આ દાગીના બેંકમાંથી રીકવર કરેલા તે સમયે તેઓએ દાગીનાની ઓળખ કરેલ અને તે અંગેનું પંચનામુ કરવા માટે ડભોઇ પોલીસે તેમને ડભોઇ પોલીસ સ્ટેશનમાં બોલાવેલ. જયાં બે પંચો તથા પોલીસના માણસોની હાજરીમાં તેમના સોનાના દાગીના એક સોનાનો હાર તથા સોનાના ઝુમ્મરવાળી બે બુટ્ટી મહાલક્ષ્મી બેંકવાળાએ રજુ કરેલ. તેના પંચનામામાં ફરીયાદીએ બે પંચો તથા પોલીસની સહી ઓળખી બતાવેલ છે. જે આંક–૧૦ થી રજુ રાખેલ છે.

**(૭/૨)** તેઓની દિકરી આરોપી નંબર–૪ નાઓ નાની ઉંમરની એટલે કે ૧૬ વર્ષ અને ૧૦ માસની હતી. જેથી નાસમજમાં તેની માતાના દાગીના લઇ ગયેલ. તેઓને આરોપીઓ સાથે સમાધાન થઇ ગયેલ છે, જેથી કોઇ મનદુખ કે તકરાર રહેલ નથી. આરોપી નંબર–૪ તેમની દિકરી થતી હોવાથી, તેઓને ઓળખી બતાવેલ છે તથા આરોપી નંબર–૧ જે તે સમયે તેમના ઘરની સામે રહેતા હોવાથી બનાવ પહેલાથી તેમને ઓળખે છે.

**(૭/૩)** ફરીયાદીએ બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓને તેઓ બનાવ પહેલેથી ઓળખે છે. ફરીયાદીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેમની દીકરી આઇશાબુ તેમના ઘરેથી તેઓની ગેરહાજરીમાં નીકળી ગયેલી અને સલીમભાઈ તેમની દીકરીને લઈ ગયા હોય તેવું કોઇએ નજરે જોયેલ નથી.

- ફરીયાદીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેમની દીકરી તેમના

ઘરેથી તા.૧૨/૦૯/૧૯૯૫ ના રોજ નીકળી ગયેલી.

- ફરીયાદીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમના વકીલશ્રી મારફતે ડભોઈ કોર્ટમાં એમ. કેસ નંબર–૯૩/૯૫ થી દાખલ કરેલ, જે ફરિયાદ માત્ર બે ઈસમો વિરુધ્ધ દાખલ કરેલ, જે પૈકી એક તેમની દીકરી હતી અને બીજા ઈસમ હાલના આરોપી સલીમભાઈ હતા.
- ફરીયાદીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, આંક–૯ વાળી ફરિયાદ તેઓએ તા. ૦૬/૧૦/૧૯૯૫ ના રોજ કરેલ, જેમાં પાંચ ઈસમોને આરોપી તરીકે દર્શાવવામાં આવેલા.
- ફરીયાદીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેઓએ પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરુધ્ધ કોઈ ફરિયાદ આપેલ નથી.
- ફરીયાદીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, **તેમણે આંક–૦૯ વાળી ફરિયાદ મુદ્દામાલ સોનું પરત મેળવવા માટે દાખલ કરેલ છે** અને પોલીસે મુદ્દામાલ સોનું તેઓની દીકરી કે આરોપી સલીમભાઈ પાસેથી કબજે લીધેલ નથી.
- ફરિયાદીએ જણાવેલ છે કે, આરોપી સલીમે પોતાના મિત્ર રમેશભાઈ કોઠારા સાથે મળી જઇને સદરહુ સોનું ગીરો મૂકેલ છે અને તે સોનું ફરીયાદીના પત્નીને તેમના સસરા તરફથી મળેલ છે અને આંક–૦૯ ની ફરીયાદમાં તેઓએ જણાવેલ નથી કે દાગીના તેમની પત્નીના હતા.
- ફરીયાદીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે,પોલીસે તેમની કોઈ પુછપરછ કરેલ નથી તથા તેમણે આંક–૦૯ ની ફરીયાદમાં એવી હકીકત જણાવલે નથી કે, આરોપી નં.૪ નાઓ આરોપી નં.૧ ના કહેવાથી દાગીના લઈ ગયેલા.
- ફરીયાદીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, આંક–૦૯ વાળી ફરીયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે, આરોપી નં.૧ નાઓએ દાગીના પોતાના મિત્ર રમેશભાઈ કોઠારાને આપેલા અને રમેશભાઈએ મહાલક્ષ્મી બેંકમાં ગીરો મુકેલા અને એક મહીના પછી આ બાબતની જાણ થયેલ.

(૮) ફરીયાદપક્ષ તરફે આંક–૨૦ થી તપાસ કરનાર અમલદાર–નિવૃત પીએસઆઈ શ્રી કૌશીકભાઈ જયંતીલાલ સોનીનાઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ

છે કે, તા.૨૦/૦૯/૧૯૯૫ ના રોજ તેઓ પોલીસ સબઇન્સ્પેક્ટર તરીકે ડભોઇ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. ત્યારે ડભોઇ કોર્ટમાંથી એમ.કેસ નં.૯૩/૧૯૯૫ સી.આર.પી.સી. ૧૫૬(૩) ના હુકમ સાથે તેઓ તરફ લેખિત યાદી સાથે મોકલવામાં આવેલ. જે યાદી તા.૧૬/૦૯/૧૯૯૫ ના રોજની આ કામે તેઓને તપાસના કામે મળેલ, જે આંક–૨૧ થી રજુ રાખેલ છે. જે અંગે ડભોઇ પોલીસ સ્ટેશનમાં એમ. કેસ નંબર-૭૫/૧૯૯૫ નો દાખલ થયેલ અને આગળની તપાસ તેઓને સોંપાતા, તેઓએ તપાસ સંભાળેલી. ચાલુ તપાસમાં ડભોઇ કોર્ટ દ્વારા તા.૦૬/૧૦/૧૯૯૫ ના રોજ એમ.કેસ નંબર ૧૦૭/૧૯૯૫ ના કામે સી.આર.પી.સી.ની કલમ-૧૫૬(૩) હેઠળ હુકમ કરી તેની તપાસ તેઓ તરફ મોકલવામાં આવેલ. જે અસલ યાદી આ કામે આંક-૨૨ થી રજુ રાખેલ છે. આ બન્ને એમ.કેસની હકીકત તથા આરોપીઓ એક જ હોવા બાબતની ફરિયાદી ઇસ્માઇલભાઇના સોગંદનામાના આધારે નામદાર ડભોઇ કોર્ટ દ્વારા તા.૧૮/૧૦/૧૯૯૫ ના રોજ એમ.કેસ નંબર ૯૩/૧૯૯૫ તથા ૧૦૭/૧૯૯૫ એક સાથે ગણી લેવા હુકમ કરી તેઓ તરફ યાદી કરેલ, જે અસલ યાદી તેઓને તપાસના કામે મળેલ, જે આંક-૨૩ થી રજુ રાખેલ છે. આંક-૨૪ થી રજૂ થયેલ એમ. કેસ નં ૯૩/૧૯૯૫ તેઓને બતાવવામાં આવતા, તેમને તપાસના કામે મળેલ તે જ ફરીયાદ છે તેવી રીતે ઓળખી બતાવેલ છે.

- સાહેદે વધુમાં જણાવેલ છે કે, આ કામે તપાસ સંભાળ્યા બાદ તેમણે ફરિયાદી ઇસ્માઇલભાઇના જરૂરીયાત મુજબના વધારાના નિવેદનો લીધેલા. તથા આ કામે સાહેદ સ્ત્રી પુરુષના નિવેદનો લઇ કામમાં રાખેલા.

- **આ કામે તપાસમાં નીકળેલ હકીકત મુજબ ફરીયાદીની દિકરી આયેશા ઉર્ફે ઝરીનાનાઓ ઘરેથી પોતાની માતૃશ્રીના કબજાના દાગીના કે જેમાં સોનાનો હાર તથા બે ઝુમ્મર ચોરી છુપીથી લઇ નાસી ગયેલી. જે દાગીના રમેશભાઇ શાહ તથા હંસાબેન શાહને આપેલ. ફરીયાદીની દીકરીને નાણાંની જરૂરિયાત હોવાથી રમેશભાઇ શાહે આ દાગીના મહાલક્ષ્મી કો. ઓપ.બેન્કમાં ગીરવે મૂકી નાણાં મેળવી દીકરી આયેશાને નાણાંની સગવડ કરી આપેલી.**

- ત્યારબાદ મહાલક્ષ્મી બેન્કમાં જઈ લોન ધિરાણ ઓફિસર જયંતભાઈ પટેલની તપાસ પૂછપરછ કરેલી. જે આધારે જયંતિભાઈ પટેલે આ દાગીના ગુનાના કામે પોલીસ રુબરુ રજૂ કરતા વિગતવારનું પંચનામું કરી બેન્કમાંથી કબજે કરેલા. જે અસલ પંચનામું આંક-૨૫ થી રજુ કરીને તેમાં બે પંચોની સહી કે જે તેમના રુબરુ કરેલ અને તે પંચનામામાં રુબરુ તરીકે તેમની સહી કરેલ તે સહીઓ ઓળખી બતાવેલ છે.

- સાહેદે વધુમાં જણાવેલ છે કે, આ કામે દાગીનાને ધરમકાંટા ઉપર તોલાવી તેની પાવતી આ કામમાં સામેલ રાખેલ છે, જે આ કામે આંક-૨૬ થી રજુ રાખેલ છે. જે તેઓને બતાવવામાં આવતા, તે પાવતી સદર કામમાં કબજે કરેલ તે છે, તેવી રીતે સાહેદે ઓળખી બતાવેલ છે.

- આ કામે ભોગ બનનાર આયેશા પોલીસ સ્ટેશનમાં હાજર થતા તેની વિગતે પૂછપરછ કરી નિવેદન લખી કામમાં સામેલ રાખ્યુ. ત્યારબાદ ભોગ બનનાર આયેશાનાઓને આરોપી સલીમ જોડે શારિરીક સંબંધ થયેલ હોવાથી વુમન કોન્સ્ટેબલ મારફતે સાહેદ આયેશાએ શારિરીક સંભોગ વખતે પહેરેલ નીકર બદલાવી બે પંચો રુબરુ કબજે લીધેલ જે અસલ પંચનામું આંક-૨૭ થી રજુ રાખીને તેમાં બે પંચોની સહી તેમના રુબરુ કરવામાં આવેલ હોવાનું જણાવીને તે પંચનામા રુબરુ તરીકે તેમની પોતાની સહી પણ ઓળખી બતાવેલ છે.

- કબજે લીધેલ દાગીના આ કામના ફરિયાદી પાસેથી ઓળખ કરાવતા, તેમણે સદર દાગીના તેની પત્નીના હોવાનું જણાવીને ઓળખી બતાવેલા. જે પોતાના હોવાનું જણાવતા વિગતે પંચનામું કરેલ. જે અસલ પંચનામું આંક-૨૮ થી આ કામે રજૂ રાખીને તેમાં બે પંચોની સહી તેમના રુબરુ કરવામાં આવેલ હોવાનું જણાવીને તે પંચનામા રુબરુ તરીકે તેમની પોતાની સહી પણ ઓળખી બતાવેલ છે.

- સાહેદે વધુમાં જણાવેલ છે કે, આ કામે આરોપી સલીમભાઇ પોલીસ સ્ટેશનમાં

રજુ થતા ગુનાના કામે અટક કરી, કાર્યવાહી કરેલી અને તેણે ગુનો કરતી વખતે પહેરેલ નીકર પંચો રુબરુ રજૂ કરતા પંચનામું કરીને સીલબંધ હાલતમાં કબજે લીધેલ. જેનું અસલ પંચનામું આંક-૨૯ થી રજુ રાખીને તેમાં બે પંચોની સહી તેમના રુબરુ કરવામાં આવેલ હોવાનું જણાવીને તે પંચનામા રૂબરૂ તરીકે તેમની પોતાની સહી પણ ઓળખી બતાવેલ છે.

- સાહેદે વધુમાં જણાવેલ છે કે, આ કામે કબજે કરેલ દાગીના ડભોઇના હસમુખભાઇ રમણભાઇ સોનીએ બનાવેલ હોય, તેઓ પાસેથી આ દાગીનાની ઓળખ કરાવડાવીને તે અંગે વિગતવારનું પંચનામું કરેલ, જે અસલ પંચનામું આંક-૧૦ થી રજુ રાખીને તેમાં બે પંચોની સહી તેમના રુબરુ કરવામાં આવેલ હોવાનું જણાવીને તે પંચનામા રૂબરૂ તરીકે તેમની પોતાની સહી પણ ઓળખી બતાવેલ છે.

- આ ગુનાના કામે આરોપીઓ રમેશભાઇ શાહ તથા હંસાબેન રમેશભાઇ શાહની ગુનાના કામે અલગ-અલગ દિવસે અટક કરી, કોર્ટમાં રજૂ કરેલા.

- આ કામે આરોપી સલીમને ગુનાના કામે અટક કરેલ અને પુરાવો મેળવવા માટે તેમની મેડિકલ ટ્રીટમેન્ટ કરાવેલી.

- તપાસ દરમ્યાન એવી હકીકત રેકર્ડ ઉપર આવેલ કે, ભોગ બનનાર આયેશાબેન પોતાના માતાપિતાના ઘરમાંથી તેમના દાગીનાની ચોરી કરી ગયેલ હોય આ ગુનાના કામે તેમની અટક કરી, જરૂરી કર્યવાહી કરી કોર્ટમાં રજુ કરેલા.

- આરોપી સલીમનાએ સાહેદ આયેશાને તેના માતાપિતાના વાલીપણામાંથી નસાડી ગયેલ હોય જે અંગે તેઓએ એક વાહન ભાડે કરેલ, જેના ડ્રાઇવર હિંમતભાઇ કાંતિભાઇ મિસ્ત્રીની આ કામે પુછપરછ કરેલી.

- સાહેદે વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ આ કામે કેસમાં ચાર્જશીટ કરવા

જેટલા પુરતા પુરાવા હોય કેસનું ચાર્જશીટ કરેલ છે. આરોપીઓને તેઓ જોયેથી ઓળખી શકે. જે પૈકી આરોપી નંબર ૧ સલીમભાઇ નુરભાઇ ઘાંચી નામદાર કોર્ટમાં હાજર છે તે છે. બાકી આરોપીઓ પૈકી આરોપી નંબર ૨ તથા આરોપી નંબર ૩ હંસાબેન, આ કોર્ટમાં હાજર નથી. કારણકે, તેઓ મરણ ગયેલ છે. તથા આરોપી નંબર ૪ આયેશાબેન ઉર્ફે ઝરીના ઇસ્માઇલ શેખની બનાવ સમયેની ઉંમર ૧૬-વર્ષ ૧૦-માસ હોવાથી તેઓનું અલગ ચાર્જશીટ જ્યુવેનાઇલ જસ્ટીસ બોર્ડમાં કરવામાં આવેલ છે.

(૮/૧) ત.ક.અમલદારે બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હાલમાં તેમને યાદ નથી કે, આ કામના ફરિયાદીએ બે વખત ફરિયાદ કરેલ, જે એમ. કેસ તરીકે નોંધવામાં આવેલ હતી કે કેમ. તેઓને એ વાતનો ખ્યાલ નથી કે, ફરિયાદીએ આ ગુનાના કામે બે ફરિયાદ કરેલ કે કેમ.

- સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના ફરિયાદીએ ડભોઇ પોલીસ સ્ટેશનમાં કોઇ પોલીસ ફરિયાદ આપેલ નથી.

- સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મુદ્દામાલ સોનાના ઘરેણાં આ કામના આરોપી ઝરીનાબેન કે સલીમભાઇ પાસેથી તેઓએ કબજે લીધેલા નથી અને આ ગુનાના કામે તેઓએ ઝરીનાબેનને ભોગ બનનાર તરીકે નહિ, પરંતુ આરોપી તરીકે દર્શાવેલ છે.

- **સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી ઝરીનાબેને આરોપી સલીમના કહેવાથી સોનાનો હાર અને ઝુમ્મર લઇ ગયેલા હોય તેવું જણાવેલ નથી.**

- સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદીએ પોતાની ફરિયાદમાં એવી હકીકત જણાવેલ નથી કે, આરોપી સલીમે તેના મિત્ર રમેશ કોઠારાને સોનાના દાગીના આપેલા અને તેણે મહાલક્ષ્મી બેન્કમાં ગીરો મૂકેલા, જેની જાણ ફરિયાદીને એક મહિના પછી થયેલી.

- સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી નં જનાઓએ પોતાના નિવેદનમાં જણાવેલ કે તેઓ પોતાની મરજીથી અરોપી નં ૧ સાથે ગયેલા છે.

(૯) આ કેસના કામે ઇશ્યુ કરવામાં આવેલ સાક્ષી સમન્સ પૈકી સાહેદ રમણભાઇ હરીભાઇ પટેલ તા.૦૨/૧૧/૨૦૦૦ ના રોજ અવસાન પામેલા હોવાથી, બંસીલાલ નટવરલાલ કંસારા તા.૧૩/૦૯/૨૦૦૬ ના રોજ અવસાન પામેલા હોવાથી, અંબાલાલ મનસુખભાઇ પાટણવાડીયા તા. ૧૮/૦૧/૧૯૯૭ ના રોજ અવસાન પામેલા હોવાથી, ઇમામભાઇ અજીજભાાઇ શેખ તા.૧૯/૦૮/૨૦૧૦ ના રોજ અવસાન પામેલા હોવાથી, ફકીરમહંમદ ગુલામહુસેન બોડીવાલા તા. ૧૦/૦૫/૧૯૯૭ ના રોજ અવસાન પામેલા હોવાથી તથા સાહેદ અકબરહુસેન અલ્લારખા શેખ સામેનો સમન્સ માજી કોર્પોરેટર કાજલબેન એસ. દુલાણીના તથા ડભોઇ નગરપાલિકાના સદસ્ય દાનિયલમહેંદી જાહીદાબીબી સૈયદના લેટરપેડ ઉપરના શેરા કે, "આ નામનો કોઇ માણસ રહેતો નથી" ના કારણોસર વગર બજે પરત આવેલ છે. વધુમાં મહાલક્ષ્મી બેન્કના લોન ધિરાણ ઓફિસર જયંતભાઇ પટેલ સામે ઇશ્યુ કરવામાં આવેલ સાક્ષી સમન્સ સંદર્ભે બજવણી અધિકારીએ એ મુજબનું એફીડેવીટ કરેલ છે કે, સાહેદ વયોવૃદ્ધ ઉંમરના છે અને પથારીવશ હોવાથી ચાલી શકતા નથી, તથા તેમની યાદશક્તિ ઓછી હોવાથી મુદ્દતે કોર્ટમાં આવી શકે તેમ નથી. આમ, ફરીયાદપક્ષ તરફે મહત્વના તમામ સાહેદોની જુબાની ઉપરોક્ત કારણોસર નોંધી શકાયેલ નથી અને તે મહત્વનો મૌખિક પુરાવો રજુ કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેલ નથી.

(૧૦) આમ, આ કામે ફરીયાદપક્ષ માત્ર મૂળ ફરીયાદી અને તપાસ કરનાર અધિકારીને તપાસી શકેલ છે. તેમની જુબાનીના આધારે પંચનામાઓની હકીકતો અને વિગતો સાબિત થતી નથી. વધુમાં ફરીયાદીની જુબાની મુજબ તેમની દિકરી આઇશાબુનાઓએ આરોપી નં.૪ ના કહેવામાં આવી જઇને દાગીનાની ચોરી કરેલ છે. પરંતુ ત.ક.અમલદારની જુબાની વંચાણે લેતાં,"આ કામે તપાસમાં નીકળેલ હકીકત મુજબ ફરીયાદીની દિકરી આયેશા ઉર્ફે ઝરીનાનાઓ ઘરેથી પોતાની માતૃશ્રીના કબજાના દાગીના કે જેમાં સોનાનો હાર તથા બે ઝુમ્મર ચોરી છુપીથી લઇ નાસી ગયેલી, જે દાગીના રમેશભાઇ શાહ તથા હંસાબેન શાહને આપેલ. ફરીયાદીની દીકરીને નાણાંની જરૂરિયાત હોવાથી રમેશભાઇ શાહે આ દાગીના મહાલક્ષ્મી કો. ઓપ.બેન્કમાં ગીરવે મૂકી નાણાં મેળવી દીકરી આયેશાને નાણાંની સગવડ કરી આપેલી." સદરહુ હકીકતો ધ્યાને લેતાં આરોપી નં. ૪ સામે ફરીયાદીએ પોતાની

જુબાનીમાં જે આક્ષેપો કરેલા છે તેને સમર્થન મળી રહેતુ નથી. વધુમાં ફરીયાદીની દિકરી આઇશાબુને તેમના ઘરમાંથી સોનાના દાગીનાની ચોરી કરવા માટે આરોપી નં. ૪ નાઓએ મજબુર કરેલ હોય તેવી હકીકત તપાસ કરનાર અમલદાર સમક્ષની તપાસમાં રેકર્ડ ઉપર આવેલ નથી.

- વધુમાં ફરીયાદીએ પોતાની ફરીયાદમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની દિકરી તેમના ઘરેથી તેમની ગેરહાજરીમાં નીકળી ગયેલા છે. ફરીયાદીએ આંક-૯ વાળી ફરીયાદમાં જણાવેલ નથી કે, આરોપી નં. ૪ નાઓએ આરોપી નં. ૧ ના કહેવાથી દાગીનાની ચોરી કરેલ છે. ફરીયાદીએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેમને એક મહીના પછી ખબર પડેલ કે, તેમની દિકરી તિજોરીમાંથી દાગીના લઇ ગયેલ છે. આ રીતે આરોપી નં. ૪ નાઓએ આરોપી નં. ૧ ના દબાણમાં આવી જઇને કે તેમની વાતોમાં આવી જઇને મજબુર થઇને દાગીનાની ચોરી કરેલ હોવાની હકીકત શંકાથી પર રહીને સાબિત થાય તેટલો પુરતો પુરાવો રજુ કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેલ નથી તેવા તારણ ઉપર અત્રેની અદાલત આવેલ છે. આરોપી નંબર-૧ નાઓએ આરોપી નંબર-૪ નાઓને દાગીનાની ચોરી કરવા માટે લલચાવેલા હોય, ફોસલાવેલા હોય કે મજબુર કર્યા હોય કે ચોરીના દાગીના અપ્રમાણીકપણે મેળવેલા હોય અને તેમ કરીને ભારતીય દંડ સંહિતાની કલમ-૩૮૦,૪૧૧,૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ હોય તેવી હકીકત શંકાથી પર રહીને સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોવાથી, જેથી મુદ્દા નંબર-૧ નો નિર્ણય "**નકારમાં**" નિર્ણીત કરી, મુદ્દા નંબર-૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: <u>આખરી હુકમ</u> ::-

**૧.** આ કામે આરોપી નંબર-(૧) **સલીમભાઈ નુરભાઈ ઘાંચી,** રહે.- આશીયાના શોપીંગ સેન્ટર, ડભોઈ, વડોદરાનાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૪૮(૧) અન્વયે, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૮૦,૪૧૧, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરી (આરોપી નંબર−૪) આઇશાબુ ઉર્ફે ઝરીનાબેન ઇસ્માઇલભાઇ જંબુસરીયાનાઓ સામેની આ ગુના લગતની ઈન્કવાયરી નામદાર જ્યુવેનાઇ જસ્ટીસ બોર્ડ, વડોદરા સમક્ષ પેન્ડીંગ હોવાથી મુદ્દામાલ પાવતીઓમાં જણાવેલ મુદ્દામાલનો હાલના તબક્કે કોઇ અંતિમ નિર્ણય લઇ શકાય તેમ નથી. જેથી સદરહુ મુદ્દામાલનો અંતિમ ન્યાયીક નિર્ણય નામદાર જ્યુવેનાઇ જસ્ટીસ બોર્ડ, વડોદરા સમક્ષ પેન્ડીંગ ઇન્કવાયરી કે જે ફોજદારી કેસ નં. ૬૭/૨૦૨૬ થી નોંધાયેલ છે તેના આખરી હુકમને આધીન રહેશે. જેથી પી.આઇ.શ્રી, ડભોઇનાઓએ આ હુકમની એક નકલ નામદાર જ્યુવેનાઇ જસ્ટીસ બોર્ડ, વડોદરા સમક્ષ તાકીદે રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ−૪૩૭(એ) અન્વયે છ માસ સુધીના સમયગાળા માટે રૂા.૫૦૦૦/− (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જાતમુચરકા તથા તેટલી જ રકમના સદ્ધર જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**ચુકાદો** આજરોજ તારીખ **૨૭ મી,** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

ડભોઇ.
તા.૨૭/૦૩/૨૦૨૬

**(શ્રીમતી નીતા અજયકુમાર ચોક્સી)**
એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ડભોઇ.
**જીજે ૦૦૮૪૩**

જે.વી.કેસરિયા પી.એ. તથા જાતે